દશા સુધારવી હોય તો સાચી દિશા પસંદ કરવી પડે અને એ સાચી દિશા ગુરુ બતાવી શકે
- ઝેન કથન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૫ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; માગશર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરની બદલાતી રોનક

## સ્વર્ણિમ પાર્કની વૉટરબોડીમાં ફૂવારા અને લાઈટીંગની રોનક નિખરશે

### વાઈબ્રન્ટ પૂર્વે વોટરબોડીની ટ્રાયલ લેવાશે : સ્વર્ણિમ પાર્કમાં જગમગાટ જોવા મળશે : રમતગમતના સાધનો પણ ભૂલકાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા. ૧૭ શહેરના હાર્દસમા વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા સ્વર્ણિમ પાર્કમાં સ્થિત વૉટરબોડીમાં ટુંકમાંજ રંગબેરંગી લાઈટીંગ્સ વચ્ચે ફૂવારાની રોનક જોવા મળશે. સ્વર્ણિ પાર્કમાં બે કોર્નરમાં બાળકો માટે રમતગમતના વિવિધ સાધનો પણ મુકી દેવાયા છે. જ્યારે પાર્કમાં સ્થિત આંબેડકરની પ્રતિમા પાસે વૉટરબોડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વૉટરબોડીને અનુલક્ષી ટ્રાયલ પણ લેવાશે.

ગાંધીનગરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં ડ્રીમ પ્રોજેક્ટ સ્વર્ણિમ

● અનુસંધાન પાન-૫ પર


બેંક ઓફ ઈન્ડિયા
સંબંધોની મૂડી
ગાંધીનગર ઝોન પ્રસ્તુત કરે છે...
ફેસ્ટીવ ઓફર
કાર લોન અને હોમ લોનમાં પ્રોસેસીંગ ચાર્જીસ ફ્રી
હોમ લોન @ 10.20 %
પ્રોપર્ટીની સામે લોન @ 11.70 %
કાર લોન @ 10.40 %
વધુ વિગત માટે નજીકની શાખાનો સંપર્ક કરો અથવા Call : 95865 87416
(079) 23224050-23244819 Email: rbc.gandhinagar@bankofindia.co.in

જોઈએ છે
B.Com છોકરાઓ, ટેલીના જાણકાર
કોન્ટેક્ટ : ૭૩૫૯૨૮૧૫૮૮
ફોન : ૨૩૨૧૦૯૪૫




નગરનું નવું નજરાણું - ગાંધીનગર સજાવાઈ રહ્યું છે, રૂપ-રંગ બદલાતા જાય છે... નગરનો ચહેરો પારંપારિક માહોલમાં આધુનિક બનતો જાય છે... નગરની મધ્યમાં હાર્દસમા ચ-૪થી ઘ-૪ના વિસ્તારમાં નિર્માણ પામેલ સ્વર્ણિમ પાર્કને સજાવાઈ રહ્યો છે... આધુનિક રંગબેરંગી ફુવારા સાથે વિકસાવાયેલું તળાવ અને એમાંથી આકાર લેતી રંગબેરંગી રોશનીના પડછાયા નગરનું નવું નજરાણું બનશે... બાળકોના રમત-ગમતના સાધનો, અવનવા પ્લાન્ટેશન અને વિશાળ હરિયાળીની વચ્ચે વિકસાવાયેલું તળાવ આકર્ષણનું કેન્દ્ર બનશે.... સ્વર્ણિમ પાર્કમાં કેટલાક ભાગોમાં રંગબેરંગી ફુલોના છોડથી મહેંકી ઉઠશે... એકાદ સપ્તાહમાં રંગબેરંગી રોશની અને ફુલોની સજાવટથી સમગ્ર વિસ્તાર ઝળહળી ઉઠશે... (તસવીર : દિપક જાની)





રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

શ્રી બાબુભાઈ બોખીરીયા
માન.કૃષિ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

:: કાર્યક્રમની રૂપરેખા ::

| તારીખ અને વાર | તાલુકો | મુખ્ય મહાનુભાવો | સ્થળ |
|---|---|---|---|
| ૧૮-૧૨-૨૦૧૪, ગુરૂવાર | મોડાસા | મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ | નવીન જિલ્લા સેવા સદન, સરકારી એન્જીનીયર કોલેજ સામે, મોડાસા |
| ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર | તલોદ, પ્રાંતિજ | મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી | એ.પી.એમ.સી., તલોદ |
| ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર | ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર | મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા | એ.પી.એમ.સી. ખેડબ્રહ્મા |

ડૉ.વી.એમ.બથાર, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી નાગરાજન એમ., જિલ્લા વિકાસ અધિકારી અરવલ્લી


# સેક્ટર-૧૨માં કોલેરાનો કેસ

### મહિલા દર્દી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ : કોલેરા માટે ખોરાક જવાબદાર હોવાનું પ્રાથમિક તારણ

ગાંધીનગર, તા. ૧૭ ગાંધીનગર શહેરના સે. ૧૨માંથી એક કોલેરા પોઝીટીવનો કેસ મળી આવતાં આરોગ્ય સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ એક મહિલાને ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ જેના નમુનાઓની ચકાસણી દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયેલ છે.

દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં આજે સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. જો કે સાદા ઝાડા કે અન્ય કોઈપણ પ્રકારની બિમારી ધરાવતા કેસ ન મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. આ આધેડ મહિલા દર્દી હાલ સારવાર હેઠળ છે. અને તેણીની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

આરોગ્યતંત્રએ મળી આવેલ દર્દીના ઘરમાં આવતી પાણીની પાઈપલાઈનમાંથી નમુના લઈ તેમાં ક્લોરીનેશન ચકાસ્યુ હતુ પરંતુ પાણીનો ટેસ્ટ પોઝીટવ આવ્યોહતો.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દર્દીને ખાવામાં કંઈક આવ્યુ હોય તો પણ કોલેરા પોઝીટીવ આવી શકે તેવી

● અનુસંધાન પાન-૫ પર


હીરો કંપનીના ઓથોરાઈઝ્ડ સર્વિસ સેન્ટર માટે સ્ટાફ જોઈએ છે
મીકેનીક
(પગાર રૂ. ૬,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધી)
સવારે ૯ થી સાંજે ૭ કલાકે રૂબરૂ મળો
સંપર્ક
૭૬૦૦૦૦૦૭૨૨



અરવલ્લીના આંગણે...
પ્રથમ મહિલા મુખ્યમંત્રી
આનંદીબેન પટેલનું
ભાવભીનું સ્વાગત
કરીએ છીએ...
જિલ્લાના ૫૦૦ કરોડના વિકાસ કામો પૈકી
ધનસુરા ખાતેના ચંદનવનના લોકાર્પણ પ્રસંગે
હાર્દિક શુભેચ્છા પાઠવીએ છીએ...
શુભેચ્છક :- જિલ્લાના શુભેચ્છક કાર્યકરો
સંકલન : સમીર બલોચ અને જીતેન્દ્ર પટેલ, અરવલ્લી જિલ્લો